॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે સળંગ અંક ૪૬૦, મે–૨૦૨૪, રૂા. ૫.૦૦/–

## શ્રીસ્વામિનારાયણ નૂતન મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ – અંજાર



તારીખ ૧૩/૪/૨૦૨૪ ચૈત્ર સુદ પાંચમના રોજ સાંજે પૂજ્ય આચાર્ય મહારાજશ્રી, પૂજ્ય લાલજી મહારાજ એવં મહંત સ્વામીના વરદહસ્તે હજારો હરિભક્તો, સંતો તેમજ સાં. યો. બહેનોની ઉપસ્થિતીમાં ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું





શ્રીસ્વામિનારાયણ નૂતન મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ સ્થળ નંદનવન - અંજાર



ભવ્ય સભામંડપ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૮ કુલ અંક-૧૯૯

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૪ અંક-૩ મે-૨૦૨૪
વર્ષ : ૪૦ - સળંગ અંક-૪૬૦

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith




શ્રી રાધાકૃષ્ણ ભગવાન - અંજાર

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૪ |
| સત્સંગ સમાચાર-દેશ | ૫ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.


- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

કચ્છ.. પ્રાચીનકાળથી ત્રણ બાજુ દરિયા અને એક તરફ રણથી ઘેરાયેલા એકલા-અટૂલા આ પ્રદેશમાં આવવા-જવાના રસ્તા પણ કઠિન, તેથી બહુ ઓછા અવતારો કચ્છમાં સદેહે આવી શક્યા છે; અલબત્ત એમાં ભગવાન શ્રીસ્વામિનારાયણ અપવાદરૂપ રહ્યા છે. જોડે ભગવાન શ્રીરામ અને ભગવાન શ્રીકૃષ્ણ આ કચ્છ દેશમાં પધારી પાવન કરેલ છે. કઠિન પરિસ્થિતિઓ વચ્ચે એમણે રણ પ્રદેશના ભયંકર તાપમાન-અજાણ આ દિશાવિહિન રસ્તાઓથી ભૂલભૂલામણીમાં તથા સાત શેરડાના અપરિચિત જલવહન દ્વારા સમૂદ્ર માર્ગેથી ઉપેક્ષિત કચ્છમાં અનેક વખત આવીને; પ્રભુના દર્શન અને ભક્તિ માટે તડપતી, ઝંખતી કચ્છની પ્રજાને એમણે સત્સંગી બનાવી છે; જનો જોટો વિશ્વના ઈતિહાસમાં જડે તેમ નથી.

હા, વાત કરવી છે કચ્છના અંજારધામની. ચૈત્ર સુદ પાંચમ એટલે અંજાર મંદિરનો શ્રીઘનશ્યામ મહારાજનો પાટોત્સવ. સોનામાં સુગંધ ભળે એમ પાટોત્સવને સાંકળી લઈ નૂતન સ્વામિનારાયણ મંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. શ્રીઘનશ્યામ મહારાજની સાથે રાધાકૃષ્ણદેવ, શિવપાર્વતી, ગણપતિજી, હનુમાનજી, સૂર્યનારાયણ આદિ દેવોની મૂર્તિઓનો પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો.

કચ્છ સત્સંગ ઈતિહાસમાં અંજારનું સ્થાન ચિરંજીવી તેજલિસોટા સમુ છે; કારણ કે ભગવાન શ્રીસ્વામિનારાયણ સૌરાષ્ટ્રના જોડિયા બંદરેથી નાનકડી નાવમાં બેસી કચ્છના તુણા બંદરે ઊતરી કચ્છમાં સૌ પ્રથમ અંજાર મુકામે પગરણ કર્યાં. અજાણ્યો પ્રદેશ તો પ્રાકૃતજનો માટે હોય; જ્યારે આ તો સ્વયં ભગવાન ! ''कः परः प्रियवादिनः ।''એ ન્યાયે ભગવાનના ચમત્કારિક દિવ્ય દર્શને અંજારને ઘેલું લગાડ્યું અને અંજારના બ્રાહ્મણ ભક્ત ચાગબાઈ અને કચરા ભગતે દિવ્યરૂપના દર્શન કરી ભગવાનને પામી શક્યા. એમના આગ્રહને વશ થઈ ભગવાન શ્રીસ્વામિનારાયણે સૌ પ્રથમ રોકાણ અંજાર મધ્યે કર્યું. અને એ રીતે કચ્છના ઐતિહાસિક અંજાર શહેરની ભવ્ય ઐતિહાસિકતાની યશકલગીમાં એક ઓર પીછું ઉમેરાયું.

કચ્છ સત્સંગના ઈતિહાસમાં વિશિષ્ટ ભાત સમા અંજાર શહેરમાં ભગવાન શ્રીસ્વામિનારાયણના દિવ્ય સાંસ્કૃતિક વારસાને ચિરંજીવી રાખતા નૂતન સ્વામિનારાયણ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવના તમામ કાર્યક્રમોને ''ગાગરમાં સાગર''ની પેઠે સમાવતો ''શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશ''નો આ અંક ''અંજાર શ્રીસ્વામિનારાયણ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ વિશેષાંક'' તરીકે પ્રગટ કર્યો છે. જે વાંચી દેશ-વિદેશના સત્સંગી ધર્માત્માઓ આ અંકના દસ્તાવેજી સંસ્કરણમાં સામેલ થયાનો ભાવ અવશ્ય અનુભવશે.

ભગવાન શ્રીસ્વામિનારાયણે વર્ષના દરેક માસનો પ્રત્યેક દિન સત્સંગી ભક્તોને દિવ્ય ભક્તિમાં રસતરબોળ થવા માટે સર્જયો હોય એમ ગત ચૈત્ર માસમાં આપણે સૌએ રામનવમીની સાથે ભગવાન શ્રીસ્વામિનારાયણનો પ્રાકટ્ય મહોત્સવ ઊજવ્યો. અંજાર અને માંડવીના મંદિરોના પાટોત્સવો મહાલ્યા.....અને હવે વૈશાખ માસમાં ભગવાન શ્રીસ્વામિનારાયણે કચ્છમાં કરેલી લીલાઓના સાક્ષી બની વૈશાખ સુદ પાંચમના દિવસે ભુજ શ્રીનરનારાયણ ભગવાનનો પાટોત્સવમાં અને વૈશાખ વદ-પાંચમના દિવસે ભુજ પ્રસાદી મંદિરના પાટોત્સવમાં સૌ સંતોના સંગે ભક્તિરસમાં તરબોળ થશું.

જય શ્રીસ્વામિનારાયણ

## અંજાર શ્રીસ્વામિનારાયણ નૂતન મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો.

અંજાર શ્રીસ્વામિનારાયણ મંદિર શ્રીઘનશ્યામ મહારાજનો પાટોત્સવ તા.૧૩-૪-૨૪ ચૈત્ર સુદ પાંચમના ભુજ મંદિરની શાખા, ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતો તથા ટ્રસ્ટી મંડળના સંતો-હરિભક્તોના સામૂહિક પ્રયાશોથી અનેકવિધ આયોજનો સાથે સંપન્ન થયો.

# શ્રી સ્વામિનારાયણ નંદનવન પ્રાંગણમાં વિજય ધ્વજારોહણ

આ મહોત્સવના પ્રારંભનો વિજયધ્વજ તા.૭/૩/૨૦૨૪ ગુરુવાર સંવત ૨૦૮૦ મહા વદ-૧૧ વિજયા એકાદશીના દિવસે સ્વામિનારાયણ નંદનવનમાં પૂજ્ય મહંત સ્વામી આદિ સંતો તથા અનેક દાતાશ્રીઓ તથા હજારો હરિભક્તોની હાજરીમાં ૧૦૮ ફૂટ ઊંચા ૬૦ ફૂટની ધ્વજા ભૂદેવો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે ફરકાવવામાં આવ્યો હતો. સંતો, સાંખ્યયોગી બહેનો, મહેમાનો દ્વારા ૧૨૦ જેટલા નારિયેળ ફોડવામાં આવ્યાં હતાં. વિજય ધ્વજાના યજમાન અ.નિ.દેવજીભાઈ કાનજી વેકરીયા, ગં.સ્વ.માનબાઈ, સુપુત્ર રામજીભાઈ દેવજી વેકરીયા, ધ.પ.રતનબેન, પૌત્રો હરીશભાઈ તથા અનિલભાઈ પરિવાર રહ્યા હતા.











**પ્રદર્શન ઉદ્‌ઘાટન :-** તા.૩૦/૩/૨૪ ના રોજ સંસ્કૃતિ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. વિશાળ હોલમાં અક્ષરધામ ડોક્યુમેન્ટ્રી દર્શકોને બતાવવામાં આવતી હતી. શ્રીહરિ પ્રથમ અંજાર શહેર આગમન તથા પ્રાચીન ગોકુળ ગામની ઝાંખી સાથે કૃત્રિમ પશુપક્ષીઓ વનવિહાર સાથે દર્શાવવામાં આવ્યું હતું.















**ગૌ પ્રદર્શન ઉદ્‌ઘાટન :-** આ સાથે ગો મહિમા દર્શન-પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. દેશી ગાય અને વિદેશી (જરશી) ગાયની ઓળખ આપતી ડોક્યુમેન્ટ્રી બતાવવામાં આવતી અને ગાય આધારિત ખેતીથી થતા ફાયદા તથા ગાયના ગોબરમાંથી બનાવવામાં આવેલ મોબાઈલ ચીપ વાયરસને રોકે છે એની લાઈવ અનુભૂતિ કરાવવામાં આવતી હતી.









**પત્રિકા વિમોચન :-** તા.૧૮/૩/૨૦૨૪ ના રોજ મહોત્સવની પત્રિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. અને આ પ્રસંગે સંતો તથા મોટી સંખ્યામાં સાંખ્યયોગી બહેનો સાથે ભુજ ચોવિસી, નાની વાગડના હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા અને અલગ નજારા સાથે પત્રિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું.













**ભવ્ય પોથીયાત્રા :-** સંવત ૨૦૮૦ ફાગણ વદ-૩૦ અમાસ તા.૮/૪/૨૦૨૪ સોમવારે મહોત્સવની પોથીયાત્રા હોવાથી બપોરપછી ૩-૩૦ કલાકે ભરેશ્વર મહાદેવના મંદિરે પોથીઓનું પૂજન કરવામાં આવ્યું હતું. પૂજ્ય સંતો સાથે યજમાનો પોથીઓનું પૂજન કરી મસ્તકે ધારી વાજતે ગાજતે શ્રીસ્વામિનારાયણ નંદનવન મહોત્સવ સ્થળે પધાર્યા હતા. વ્યાસપીઠ ઉપર પોથી પધરાવવામાં આવી હતી. અને ૬૦ અન્ય પોથીઓ સ્ટેજ મંડપની બંને બાજુએ રાખવામાં આવેલ બાજોઠ ઉપર પોથીઓ પધરાવવામાં આવી હતી. યજમાન પરિવાર ખૂબજ ઉત્સાહથી વાજતે ગાજતે તો જોડાયા જ હતા; સાથે અંજાર શહેરના તેમજ ભુજ ચોવિસી, અબડાસા, વાગડના ભક્તો જોડાયા હતા.





**ગણેશ-વિષ્ણુ સ્થાપન :-** ચૈત્ર સુદ-૧ તા.૯/૪/૨૪ મંગળવારે સવારે ૭ કલાકે મુખ્ય સભામંડપના સ્ટેજ ઉપર ગણેશ તથા વિષ્ણુની સ્થાપના કરવામાં આવી હતી. દરેક યજમાનો સવારના પૂજનમાં સહભાગી થયા હતા.

# શ્રી નરનારાયણદેવ પ્રાગટ્ય ઉત્સવ ફૂલડોલોત્સવ



તા.૧૩/૪/૨૪ ચૈત્ર સુદ-૫ના રોજ કથા રસપાન શાસ્ત્રી સ્વામી શૌનકમુનિદાસજીએ કરાવ્યું હતું. બપોરપછી શાસ્ત્રી સ્વામી ગોલોકોવિહારીદાસજી દ્વારા શ્રીનરનારાયણદેવ પ્રાગટ્ય ઉત્સવ ફૂલડોલોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો.





## મહોત્સવના સભા સંચાલક સંતો



શા. સ્વામી
દેવચરણદાસજી



શા. સ્વામી
શુકદેવસ્વરૂપદાસજી



શા. સ્વામી
હરિકૃષ્ણદાસજી



## દીપપ્રાગટ્ય- શાસ્ત્ર

દીપપ્રાગટ્ય સાથે સપ્તાહ પારાયણનો પ્રારંભ સવારે ૯ કલાકે અમદાવાદ પિઠાધિપતિ પ.પૂ.આચાર્યશ્રી ૧૦૦૮ કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા ભુજ મંદિરના મહંત સ્વામી, ૮ મંડળધારી સંતો તેમજ યશસ્વી યજમાનો દ્વારા મહોત્સવનું ભવ્ય દીપપ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. દીપપ્રાગટ્ય સાથે શ્રીમદ્‌સત્સંગિજીવન શાસ્ત્રનું પૂજન કરવા સાથે આજના વિદ્વાન વકતા પુરાણી સ્વામી પરમહંસદાસજીએ કથાનો પ્રારંભ કરાવ્યો હતો. સંગીતકાર સંતો-ભક્તોએ કથામાં સૂર પુરાવ્યા હતા અને કથા અંતર્ગત કીર્તનો, શ્લોકો તથા કડીઓ સંગીતકાર સંતો સ્વામી શ્રીજીનંદનદાસજી, સ્વામી નિર્ભયચરણદાસજીએ ગવડાવ્યા હતા. તબલાના તાલ સ્વામી કપિલમુનિદાસજીએ આપ્યા હતા.










## વકતાશ્રીનું પૂજન








**શ્રીઘનશ્યામ પ્રાગટ્યોત્સવઃ-** બપોરપછીના કથા પ્રસંગમાં વિદ્વાન વકતા શાસ્ત્રી સ્વામી શૌનકમુનિદાસજીએ સર્વાવતારી સ્વામિનારાયણ ભગવાનના પ્રાગટ્યની દિવ્ય અદ્‌ભુત કથા સંભળાવી વિશાળ સભામાં ઉપસ્થિત શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.












સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ-૨ તા.૧૦/૪/૨૪ના મહોત્સવના બીજા દિવસે દિવ્ય કથા રસપાન શાસ્ત્રી સ્વામી શૌનકમુનિદાસજીએ કરાવ્યું હતું. કથા દરમિયાન મંદિર નિર્માણ તથા મહોત્સવમાં પોતાનું આર્થિક યોગદાન આપનાર દાતાશ્રીઓને પૂ. મહારાજશ્રી અને મહંત સ્વામી દ્વારા પહેરામણી કરવામાં આવી હતી. અને બપોરપછીના કથા પ્રસંગમાં શ્રીરાધાકૃષ્ણદેવના સુવર્ણ આભૂષણો અને સુવર્ણના વાઘા અર્પણ કરાયા હતા.



# ...ૂષણ અર્પણ





અંજાર શહેરના સત્સંગને ખાસ કરીને બહેનોના સત્સંગને ખૂબજ બળ આપ્યું છે એવાં અંજાર બહેનોના મંદિરના મહંત સાં. યો. ત્રિવિણીબહેનનો સિંહ ફાળો છે સાથે સાથે નૂતન મંદિરના બાંધકામમાં તેમજ શ્રી ઠાકોરજીના સુવર્ણ વાઘામાં ખૂબજ મોટી અને સૌથી વધુ સેવા કરી છે. સાથે સાથે અન્ય બહેનોને પણ નૂતન મંદિર બાંધકામ, ઉત્સવ તેમજ શ્રી ઠાકોરજીનો ધર્માદો કાઢવા માટે ખૂબજ પ્રેરિત કર્યા છે. પૂજ્ય મહંત સ્વામીએ ખૂબજ અંતરથી રાજીપો વરસાવ્યો હતો અને પ્રસન્નતાની પહેરામણી કરવામાં  આવી હતી અને ભુજ મંદિરનાં મહંત સાં. યો. સામબાઇ ફઇ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતાં અને ચોવિસી, અબડાસા અને વાગડના સાં. યો. બહેનોએ પણ ત્રિવેણીબહેનને શુભેચ્છાઓ પાોઠવી હતી.





# પ.પૂ. મોટા મહારાજશ્રીનો ૮૦ મો જન્મદિવસ

સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ-૩ તા.૧૧/૪/૨૪ના રોજ સવારના સત્રમાં વિદ્વાન વક્તા શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજીએ કથા રસપાન કરાવ્યું હતું. અને આજના દિવસે અમદાવાદ મંદિરેથી પધારેલ અમદાવાદ દેશના વર્ષો સુધી સત્સંગની સેવા કરનાર પ.પૂ.મોટા મહારાજશ્રીનો ૮૦ મો જન્મદિવસ હોવાથી આજે વિશેષ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. ભારતીય પરંપરા મુજબ પૂ.મોટા મહારાજશ્રીએ શ્રીહરિકૃષ્ણ મહારાજનું પૂજન અને પંચામૃતથી અભિષેક કર્યો હતો. સાથે પૃથ્વી પૂજન, વૃક્ષારોપણ કરી શ્રીઠાકોરજી આગળ દીપ પ્રગટાવી ૮૦ કિલોના કાજુનો લાડુનો થાળ ધરવામાં આવ્યો હતો. છેલ્લે આરતી કરી પૂજન પૂર્ણ કરવામાં આવ્યું હતું. અને ત્યારબાદ મહારાજશ્રી તથા લાલજી મહારાજશ્રીએ મોટા મહારાજશ્રીનું પૂજન કર્યું હતું. ત્યારબાદ મહંત સ્વામીએ પૂજન કર્યું હતું. ત્યારબાદ ઉપમહંત સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, મંડળધારી સંતો તેમજ ભુજ મંદિર સંચાલિત ટ્રસ્ટો, દેશ-વિદેશના મંદિરોના પ્રતિનિધિ હરિભક્તોએ પૂ.મોટા મહારાજશ્રીનું પૂજન કર્યું હતું. ભુજ મંદિર દ્વારા આ પ્રસંગે એક સુવર્ણ આભૂષણ અને રૂપિયા એક લાખની ભેટ અર્પણ કરાઈ હતી. ભુજ મંદિર દ્વારા













સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ-૩ તા.૧૧/૪/૨૪ના રોજ સવારના સત્રમાં વિદ્વાન વક્તા શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજીએ કથા રસપાન કરાવ્યું હતું. અને આજના દિવસે અમદાવાદ મંદિરેથી પધારેલ અમદાવાદ દેશના વર્ષો સુધી સત્સંગની સેવા કરનાર પ.પૂ.મોટા મહારાજશ્રીનો ૮૦ મો જન્મદિવસ હોવાથી આજે વિશેષ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. ભારતીય પરંપરા મુજબ

## સોના-ચાંદીની પાલખી અર્પણ






# નૂતન મંદિરનું ભવ્ય ઉદ્‌ઘાટન

સાંજે સંધ્યા આરતી બાદ નૂતન મંદિરનું ભવ્ય ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. અને પૂ.મહારાજશ્રી, મોટા મહારાજશ્રી, લાલજી મહારાજશ્રી તેમજ પૂ.મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, પૂ.જાદવજી ભગત આદિ સંતો તથા યજમાનોના વરદ્‌હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. મંદિરના વિશાળ પટાંગણમાં હજારો હરિભક્તોની મેદની વચ્ચે આ ઉદ્‌ઘાટન પ્રસંગ યોજાયો હતો. કાર્યક્રમ સંચાલન શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ કર્યું હતું. સ્વામી ધર્મચરણદાસજીએ મંદિરની સંપૂર્ણ માહિતી આપી હતી.











**શ્રીમહાવિષ્ણુયાગ :-** મંદિરના પ્રાંગણમાં શ્રીઠાકોરજી સન્મુખ પાંચ દિવસનું મહાવિષ્ણુયાગનું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ભુજ-અંજાર-માંડવી મંદિરના ગોર સાથે કચ્છના વિવિધ ગામોના વિદ્વાનો, વેદવિદ્ ભૂદેવો દ્વારા, યજમાનો દ્વારા વેદમંત્રોના ઉચ્ચારણો સાથે અગ્નિદેવને આહુતિઓ આપવામાં આવી હતી. રોજ રોજ મંદિર તેમજ મહોત્સવમાં સેવા કરનાર યજમાનો સજોડે યજ્ઞમાં બેસી દેવોને આહુતિઓ આપી ધન્ય થયાં હતા. તા. ૧૪ ના રોજ બપોરે ૨:૦૦ કલાકે શ્રીપંચદિવસીય વિષ્ણુયાગની સમાપ્તિનું શ્રીફળ હોમી પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.







# શ્રીઠાકોરજીની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા

તા.૧૪/૪/૨૪ ચૈત્ર સુદ-૬ના રોજ શ્રીરાધાકૃષ્ણદેવની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠાનો કાર્યક્રમ યોજાયો હતો. સવારે ૬:૦૦ વાગ્યે







દેવો સાથે હનુમાનજી, ગણપતિ, સૂર્યનારાયણ તથા મહાદેવજી સાથે શિવલિંગ, સભામંડપ





તા. ૧૪/૪/૨૪ ચૈત્ર સુદ-૬ના રોજ શ્રીરાધાકૃષ્ણદેવની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠાનો કાર્યક્રમ યોજાયો હતો. સવારે ૬:૦૦ વાગ્યે દેવો સાથે હનુમાનજી, ગણપતિ, સૂર્યનારાયણ તથા મહાદેવજી સાથે શિવલિંગ, સભામંડપ તેમજ બહેનોના મંદિરમાં શ્રીઠાકોરજીની પ્રતિષ્ઠાવિધિ પૂ.આચાર્ય મહારાજશ્રી













## સભામંડપ-અંજાર















# નૂતન મંદિર બાંધકામ તેમજ મહોત્સવમાં સેવા કરનાર દાતાશ્રીઓને આશીર્વાદની સાથે પહેરામણી કરવામાં આવી હતી














મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ અંજાર


મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ અંજાર


મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ





















શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ અંજાર


શ્રી સ્વામિનારાયણ નૂ પ્રતિષ્ઠા મહોત્સવ અંજાર


રાયણ નૂતન મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ અંજાર














## મહોત્સવમાં પધારેલ હરિભક્તોને સંપ્રદાયના મોટા મહારાજશ્રી, આચાર્ય મહારાજશ્રી તેમજ ભુજ મંદિરના મહંત સ્વામી આદિ સંતો તેમજ વિવિધ મંદિરોના સંતોના રૂડા આશીર્વાદ પ્રાપ્ત થયા હતા



પ.પૂ. શ્રી
તેજેન્દ્રપ્રસાદજી
મહારાજ



પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮
આચાર્યશ્રી
કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ



પ.પૂ. શ્રી
લાલજી મહારાજ



મહંત સ.ગુ.પુ. સ્વામી
ધર્મનંદનદાસજી



ઉપમહંત
સ.ગુ.પુ. સ્વામી
ભગવદ્જીવનદાસજી



સ.ગુ. કોઠારી
પાર્ષદ જાદવજી
ભગત



સ.ગુ. સ્વામી
સનાતનદાસજી



સ.ગુ.સ્વામી
જગતપાવનદાસજી



સ.ગુ.સ્વામી
બાલકૃષ્ણદાસજી



સ.ગુ.સ્વામી
શ્રીહરિદાસજી



સ.ગુ. સ્વામી
દેવકૃષ્ણદાસજી



સ.ગુ. સ્વામી
કેશવજીવનદાસજી



સ.ગુ. સ્વામી
લક્ષ્મીપ્રસાદદાસજી



સ.ગુ.સ્વામી
શાંતિપ્રિયદાસજી



સ.ગુ.સ્વામી
મહાપુરૂષદાસજી



મહંત સ.ગુ. સ્વામી
પુરુષોત્તમપ્રિયદાસજી
કાલુપુર અમદાવાદ



સ.ગુ. સ્વામી
આત્મપ્રકાશદાસજી
જેતલપુર



સ.ગુ. સ્વામી
હરિપ્રસાદદાસજી
મૂળી



સ.ગુ.સ્વામી
હરિપ્રકાશદાસજી
સારંગપુર



સ.ગુ.સ્વામી
પુરૂષોત્તમપ્રકાશદાસજી
જેતલપુર



સ.ગુ. કોઠારી સ્વામી
દેવપ્રકાશદાસજી



સ.ગુ. સ્વામી
પુરૂષોત્તમસ્વરૂપદાસજી



શાસ્ત્રી સ્વામી
નારાયણમુનીદાસજી



પુરાણી સ્વામી
મુક્તવલ્લભદાસજી



પુરીણી સ્વામી
કૃષ્ણજીવનદાસજી



શાસ્ત્રી સ્વામી
અક્ષરપ્રિયદાસજી



શાસ્ત્રી સ્વામી
કૃષ્ણસ્વરૂપદાસજી



પાર્ષદ કોઠારી
ખીમજીભગત

## સંગીતકાર સંતો અને હરિભકતો



## :: અન્ય આયોજનો ::

### આનંદમેળાનું પણ આયોજન :-

આ સાથે આનંદમેળાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.









સાતેય દિવસ આવનાર દરેક ભક્તો બહેનો-બાળકો માટે તરબૂચ, સક્કરટેટી, શેરડી રસની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.















**મહાપ્રસાદ વ્યવસ્થા :-** હજારોની સંખ્યામાં આવતા ભકતો માટે મહાપ્રસાદની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ૪૫ થી ૫૦ હજાર ભક્તો દરરોજ સવાર-સાંજ-બપોરે પ્રસાદ સ્વીકારતા હતા. વિશાળ ડોમમાં વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. વડીલો માટે ટેબલ-ખુરશીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

















**આયુર્વેદિક કેમ્પ :-** સાત દિવસ મહોત્સવ સ્થળે આયુર્વેદિક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભુજ મંદિર દ્વારા ચાલતા શ્રીસ્વામિનારાયણ ઔષધાલયના વૈદ્યો દ્વારા સેવા, સલાહ આપવામાં આવી અને દર્દીઓએ પોતાના દર્દોની ઓળખ મેળવી હતી.





**ફૂલહાર વ્યવસ્થા :-** મહોત્સવ દરમિયાન આવતા ઉત્સવો, શ્રીઠાકોરજી, સંતો તથા આવનાર મહેમાનો માટે દરરોજ હજારો કિલો ફૂલો અમદાવાદ-રાજકોટથી મંગાવી ફૂલહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. છૂટા ફૂલોની પાંખડીઓ પણ હજારો કિલોમાં વપરાઇ હતી.





**ધર્માચાર્યનું આગમન :-** આ પ્રસંગે કાંચીપુરમથી વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત સંસ્થાપક જગદ્‌ગુરુ શ્રીરામાનુજાચાર્યની ગાદીના આચાર્ય





શ્રીનિધિસ્વામીજી મહારાજ પધાર્યા હતા. અને પોતાના આશીર્વચન દ્વારા ઉપસ્થિત શ્રોતાઓને ભક્તવત્સલ ભગવાન છે. ભક્તની પાછળ ભગવાન જાય છે માટે ભગવાન પ્રેમથી વશ થાય છે માટે આવા મંદિરોના માધ્યમથી ભગવાનમાં પ્રેમ થાય એ જરૂરી છે આવા આશીર્વાદ પાઠવ્યા હતા.

પાર્કિંગ વ્યવસ્થા :- મહોત્સવમાં આવનાર ભક્તો માટે વાહન પાર્કિંગ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ૪ મોટા પ્લોટોમાં ફોર વ્હીલર અને ટુ વ્હીલર વાહનો માટે પાર્કિંગ વ્યવસ્થા રાખવામાં આવી હતી.

# રાત્રીય સાંસ્કૃતિક કાર્યક્રમ



મહોત્સવ દરમિયાન ત્રણ રાત્રીય કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. તા.૧૧/૪/૨૪ના હાસ્યરસ વકતા ડો.જગદીશભાઇ ત્રિવેદી પીરસ્યો હતો.











**દરરોજ શ્રીઠાકોરજી સેવા :-** શ્રીઠાકોરજીનો દરરોજ વિવિધ દ્રવ્યોથી અભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પૂજન પણ અલગ-અલગ દ્રવ્યોથી કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે અભિષેક તીર્થઓના જળથી, પૂજન સૂકામેવાથી. બીજા દિવસે ઔષધી જળથી પૂજન વિવિધ ઔષધીઓથી, ત્રીજા દિવસે ફળના રસથી અભિષેક તથા વિવિધ ફળોથી પૂજન. ચોથા દિવસે પુષ્પજળથી અભિષેક વિવિધ પુષ્પોથી પૂજન, પાંચમા દિવસે કેસરજળથી અભિષેક, તુલસીપત્રથી પૂજન, છઠ્ઠા દિવસે પંચામૃત અને છપ્પનભોગના થાળ ધરવામાં આવ્યા હતા. સાતમા દિવસે ધાન્યના જળથી અભિષેક અને પૂજન કરવામાં આવ્યું હતું.

દરરોજ શ્રીઠાકોરજી આગળ વાજીંત્રો સાથે પ્રભાતિયાં તેમજ કીર્તન-ધૂનથી શ્રીઠાકોરજીને રાજી કરવામાં આવતા હતા.









**શ્રીસર્વમંગલ પુરુશ્ચરણ :-** પવિત્ર વિદ્વાન ભૂદેવો દ્વારા શ્રીઠાકોરજી સન્મુખ બેસી સાત દિવસ સુધી શ્રીસર્વમંગલસ્તોત્રની પારાયણો કરી હતી. ૯ ભૂદેવોએ ૧ ૨૦૦ પાઠ કર્યા હતા. અને શ્રીસત્સંગિજીવનના સારભૂત શ્રીસર્વમંગલનું પુરુશ્ચરણ કરવામાં આવ્યું હતું.

મહોત્સવ દરમિયાન પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, ભુજ મંદિરના બીજા મહંત સદ્‌ગુરુ સ્વામી અક્ષરજીવનદાસજી દ્વારા નિર્મિત કુંભારીયા-દેવળીયા ગામના મંદિરોના જીર્ણોદ્ધાર બાદ શ્રીઠાકોરજીની આરતી કરવા પધાર્યા હતા. અને કુંભારીયાના હરિભક્તો તેમજ કોઠારી પાર્ષદ જાદવજી ભગત મંદિર જીર્ણોદ્ધાર કરનાર સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી તથા સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી આદિ સંતો ઉપસ્થિત રહ્યા હતા.

**સંહિતાપાઠ :-** મહોત્સવમાં શ્રીઘનશ્યામ મહારાજને ૬૦ વર્ષ થઈ રહ્યાં હોઇ ૬૦ શ્રીમદ્‌સત્સંગિજીવનનું પુરુશ્ચરણ મૌન વાંચન રાખવામાં આવ્યું હતું. સંતો તથા પાર્ષદો બેસી મૌન પારાયણ કરી હતી. અને સાંખ્યયોગી બહેનોએ પણ પારાયણો કરી હતી.







**રાજદ્વારી પુરુષોનું આગમન :-** આ મહોત્સવમાં સ્થાનિક રાજદ્વારી પુરુષો, વિધાયકો, કચ્છના સાંસદશ્રી, પૂર્વ વિધાયકો, નગરપાલિકાના અધિકારીઓ તેમજ અન્ય ધાર્મિક, સમાજિક મહાનુભાવો પધાર્યા હતા. અને પૂ.આચાર્ય મહારાજશ્રી તથા મહંત સ્વામી દ્વારા આવકારવામાં આવ્યા હતા.



મહોત્સવમાં દેશ-વિદેશથી પધારેલ દાતાશ્રીઓ, યજમાનશ્રીઓ તથા અન્ય ભાવિક ભક્તોને ઉતારા માટે શહેરમાં ગેસ્ટહાઉસો, સમાજવાડીઓ તથા હોટલોમાં વ્યવસ્થા કરવામાં આવી હતી. દરેક જગ્યાએથી મંદિર તથા મહોત્સવમાં આવવા જવા અલાયદી ગાડીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

પૂ.આચાર્ય મહારાજશ્રી, મોટા મહારાજશ્રી, લાલજી મહારાજશ્રી, પૂ.ગાદીવાળા, મોટાં ગાદીવાળા, બિંદીરાજા વિગેરે સમગ્ર ધર્મકુળ પરિવાર ૭ દિવસ મહોત્સવમાં પધારી દર્શન-આશીર્વાદ આપી આવનાર સૌ ભાવિકો, યજમાનોને ધન્ય કર્યા હતા. મહંત સ્વામી આદિ સંતો ખૂબ રાજી થયા હતા.

તા.૧૪/૪/૨૪ ચૈત્ર સુદ-૬ ના રોજ મહોત્સવની ભવ્ય શોભાયાત્રા શ્રીસ્વામિનારાયણ મંદિરેથી અંજાર શહેરના માર્ગે આવતાં શ્રીસ્વામિનારાયણ નંદનવન મધ્યે વિરામ લેવાનો હતો. આ શોભાયાત્રામાં ભુજ ચોવિસી મંદિરથી ભજન મંડળીવારા ભક્તો પોતાના વાજીંત્રો સાથે જોડાવાના હતા. હાથી, ઘોડા, રથ, બેન્ડવાજા સાથે વિવિધ ઝાંખીઓ સાથે આ શોભાયાત્રા શહેરના ભક્તો સાથે સભામંડપમાં પધારવાની હતી. પણ સવારના સત્રમાં પૂ.શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજીએ વડોદરાની સભામાં મુક્તાનંદ સ્વામીનો વિજય થયો એ પ્રસંગ સંભળાવેલ.







# પૂ.મહંત સ્વામીનો ૯૦ મો જન્મદિવસ



પૂ.મહંત સ્વામીનો ૯૦ જન્મદિવસ નિમિત્તે શ્રીઠાકોરજીનું પૂજન, અભિષેક, વૃક્ષારોપણ, ભૂમિપૂજન, દીપપ્રાગટ્ય, શ્રીઠાકોરજીને થાળ ધરી આરતી કરવામાં આવી હતી. પૂ.મહંત સ્વામીનું પૂજન પૂ.મહારાજશ્રી, લાલજી મહારાજશ્રી, પૂ.ઉપમહંત સ્વામી, પૂ.જાદવજી ભગત, મંડળધારી સંતો પુષ્પમાળા પહેરાવી પૂજન કર્યું હતું. જો કે પૂ.મહંત સ્વામી આવી રીતના સંતોના જન્મદિવસની ઉજવણી પ્રત્યે નારાજીપો વ્યક્ત કર્યો હતો.











આ મહોત્સવમાં સંપ્રદાયના શ્રીજી સ્થાપિત શિખરબદ્ધ મંદિરોના પૂજ્ય સંતો પોતાના મંડળના સંતો સાથે પધાર્યા હતા. અમદાવાદ, વડતાલ, જેતલપુર, મૂળી, જુનાગઢ, ધોળકા, ધોલેરા, ગઢપુર વિગેરે ધામોથી સંતો પધારી રૂડા આશીર્વાદ પાઠવી મંદિર તથા મહોત્સવની સેવા કરનાર દાતાશ્રીઓને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા અને અંતરથી ભુજ મંદિરના સંતોની મહેનતને આવકારી હતી. અને પ્રશંસા સાથે લાવેલ પુષ્પમાળાથી પૂ.મહંત સ્વામીનું સન્માન કરી ધન્ય થયા હતા.

## અંજાર શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું સમાપન

ભગવાનની ઈચ્છા જ સમજો, શ્રીવિષ્ણુયાગની પૂર્ણાહુતિ બાદ તરત જ તોફાની પવન સાથે વરસાદ વરસતાં પૂ.મહંત સ્વામીએ મહોત્સવના ૨ સત્રો નહિં થઈ શકે એવી ધારણાથી મહોત્સવનું તા.૧૪/૪/૨૪ ના બપોરે ૩ કલાકે સમાપન જાહેર કર્યું હતું. અને શોભાયાત્રાનું પણ આયોજન કરાયું ન હતું. મંડળીવાળા ભક્તો તથા અન્ય જેઓએ નગરયાત્રાની તૈયારીઓ કરેલી હતી એ દરેકને આશીર્વાદ સાથે અભિનંદન પાઠવ્યા હતા. અને આજના દિવસે જ પૂ. મહારાજશ્રી, લાલજી મહારાજશ્રી, પૂ.સંતો, ગુજરાતભરમાંથી આવેલ સંતો નાની મોટી મહોત્સવની સેવા કરનાર સંતો, યજમાનશ્રીઓ, દાતાશ્રીઓનો મહોત્સવ સમિતિએ આભાર માન્યો હતો.

## અંજાર નૂતન મંદિર નવનિર્માણ કરાવનાર બાંધકામ સમિતિના સદસ્ય સંતો તથા હરિભક્તો.

નૂતન મંદિરના ખાંતમુહૂર્તથી લઈ નૂતન મંદિરના ઉદઘાટન સુધી નિમાયેલ સંતો તથા હરિભક્તોની બાંધકામ સમિતીએ ખૂબજ પોતાની આવડત મહારાજને રાજી કરવા વાપરી મહારાજ અને સંતોનો રાજીપો મેળવ્યો છે. પૂજ્ય મહંત સ્વામીએ આ સમિતીને ખૂબજ હૃદયપૂર્વક શુભાશીર્વાદ પાઠવી નવાજ્યા હતા. આજ રીતે ભુજ મંદિરના ૭ મંડળના સંતો જયારે બદલીમાં પધારે ત્યારે આ નૂતન મંદિરના કાર્યમાં ખૂબજ ઉપયોગી થયા છે અને પોતાની ફરજ સમજી આ નૂતન મંદિર કેમ સારું અને જલ્દી થાય એવી ભાવના સાથે જોડાઈ સતત સહયોગી થયા છે.


કોઠારી સ.ગુ. પાર્ષદ જાદવજી ભગત


સ.ગુ. પુ. સ્વામી માધવપ્રસાદદાસજી


પુ. સ્વામી ધર્મચરણદાસજી


સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી


પુ. સ્વામી પુરૂષોત્તમસ્વરૂપદાસજી


પુ. સ્વામી પરમેશ્વરૂસ્વરૂપદાસજી


પુ. સ્વામી શાન્તીસ્વરૂપદાસજી


શા. સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી

- પૂર્વ કોઠારી પ. ભ. રવજીભાઇ માવજી ભુડિયા
- પૂર્વ કોઠારી પ. ભ. રામજીભાઇ દેવજી વેકરીયા
- કોઠારી પ. ભ. મૂરજીભાઇ કરસન સીયાણી
- ઉપ કોઠારી પ. ભ. જાદવજીભાઇ વિશ્રામ ગોરસીયા
- કોઠારી (અંજાર) પ.ભ. શામજીભાઈ ધનજી હીરાણી
- પ.ભ. રાજેશભાઈ રવજી હિરાણી
- પ.ભ. કલ્યાણભાઈ કાનજી હિરાણી
- પ.ભ. કુંવરજીભાઈ રવજી હિરાણી
- પ.ભ. હરીશભાઈ વેલજી કેરાઈ
- પ.ભ. જીતુભાઈ કેશરા સાંખલા
- પ.ભ. કાન્તીલાલ કલ્યાણ કેરાઈ
- પ.ભ. કાનજીભાઈ માવજી નાકરાણી
- પ.ભ. નારાણભાઈ રામજી શાંખલા
- પ.ભ. મણીલાલ નારણજી ઠાકરાણી
- પ.ભ. કુંવરજીભાઈ ભીમજી ખેતાણી
- પ.ભ. છોટાલાલ માવજીભાઈ દૈયા



# અંજાર મંદિરની ભવ્યતા અને વિશેષતાઓ

- આ આખું મંદિર ચાર પ્રકારના પથ્થરમાંથી બનેલું છે.
- આ મંદિરના પાયા પાતાળ સુધી મુકેલા છે. જમીનમાં ૧૫ ફૂટ સુધી નીચે.
- પાયામાં કચ્છ ખાવડાનો પીળો પથ્થર મુકવામાં આવ્યો છે.
- ગ્રાઉન્ડ ફ્લોરમાં બાલેસર તથા અંબાજી મારબલ મૂકવામાં આવેલ છે.
- ગ્રાઉન્ડ ફ્લોરની જગતી તથા ફર્સ્ટ ફ્લોર શિખર-ધુમ્મટ સુધીનું મંદિર બંસીપહાળ પુર (ગુલાબી પથ્થર) રાજસ્થાનથી બનેલું છે.
- આ મંદિર નાગર શૈલીથી બનાવવામાં આવેલ છે.
- ભારતમાં મુખ્યત્વે બે શૈલીઓ જોવા મળે છે.
  (૧) નાગર શૈલી - (ઉત્તર ભારત) (૨) દ્રાવિડ શૈલી - (દક્ષિણ ભારત)
- મંદિરનું ક્ષેત્રફળ લંબાઇ-૨૬૫ ફૂટ, પહોળાઇ-૧૧૫ ફૂટ, ઊંચાઇ-૧૦૮ ફૂટ ધજાદંડ સુધી.
- મુખ્ય ત્રણ ગર્ભગૃહ આવેલ છે. તથા હનુમાનજી, ગણપતિજી, સુર્યનારાયણ, શિવ પરિવાર ટોટલ ૭ ગર્ભગૃહ છે.
- દેવી-દેવતા-અવતારો-દિશાના દેવો સહિત કલાત્મક નકશીકામથી ભરપૂર છે.
- કલાત્મક પીલર-૧૦૮, બીમ(પાટ) નકશીદાર-૩૨૫, છત(શીબીકા) વિવિધ કલાત્મક-૬૫,
- કલાત્મક તોરણ કમાન - ૩૨૫
- કલાત્મક વિવિધ પ્રકારની મૂર્તિઓ :-
- મુખ્ય મંડોવરમાં - ૪૫, પીલર ઉપર - ૧૦૮, પીલરમાં - ૭૨,
- હનુમાનજી - ગણપતિજી મંડોવરમાં - ૩૭
- જગતીના ગોખ તથા મૂર્તિઓ - ૪૮
- ઝરુખા - ૧૩, મુખ્ય ધુમ્મટ - ૧, ૨૯, ૨૯ કાનગોપીનો રાસ ચોરસ ગ્રીલ,
- શિખર - ૫, સામરણ - ૪,
- ધુમ્મટીઓ - ૨૨, છત્રીઓ - ૨૭, સુવર્ણ કળશ - ૩૧, મુખ્ય સીડી લંબાઇ - ૪૧,
- પહોળાઇ - ૪૮ ફૂટ, પગથિયાં - ૩૧
- બંને બાજુ નાની સીડીઓ ૧૧* ૨૬
- સીડીની બંને બાજુ રેપ મુકવામાં આવેલ છે.
- રેપની બંને સાઇડમાં એકમાં રામની અસવારી અને બીજી સાઇડમાં શ્રીસ્વામિનારાયણ ભગવાનની અસવારી.
- અસવારીની લંબાઇ-૮૦ ફૂટ અને પહોળાઇ-૧૦ ફૂટ.
- મુખ્ય પ્રવેશદ્વાર બંસીપહાળપુરના પથ્થરથી બનેલ છે.
- સભામંડપ, સંત નિવાસ. સંત ભોજનાલય(ભંડાર)
- ભક્ત ભોજનાલય, ભક્ત નિવાસ
- ઉત્સવ ડોમ, વિશાળ પટાંગણ, સુંદર ગાર્ડન તથા ફૂંવારો
- યજ્ઞશાળા, મંદિર સંકુલ ૫ એકરમાં આવેલું છે.



# બહેનોનું મંદિર



















RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2024-2026
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2024/UPTO 31-12-2024

